સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૩–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૮૭ થી વિદિત થઈ, ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃવલભ–૧૦૨૦૧૬–જીઓઆઈ–૭–ચ, તા.૪–૫–૨૦૨૬ થી મંજુર કર્યા પ્રમાણે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓને તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બિનશૈક્ષણિક કર્મચારીઓને તા.૧–૧–૨૦૨૬ થી વધારો કરી ૬૦% અમલમાં આવે તે રીતે મોંઘવારી ભથ્થાના દર લાગુ પાડી સુધારેલા દરે મોંઘવારી ભથ્થાની ચુકવણી કરવા વહીવટી મંજુરી આપવામાં આવેલ હોય તે અંગે તથા આ પ્રમાણે સુધારેલા દરે મોંઘવારી ભથ્થું ચુકવવાથી મહાનગરપાલિકા ઉપર માસિક અંદાજે રૂા.૧,૧૬,૫૭,૮૭૫/– અને વાર્ષિક અંદાજે રૂા.૧૩,૯૮,૯૪,૫૦૦/– જેટલો વધુ નાણાંકીય બોજ આવે તેવા અંદાજોની જાણ લેવામાં આવે છે.

ઠરાવ નં.૧૨૬૫/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————————

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૪–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૮૯ થી વિદિત થઈ, શહેર હદ વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્લોટમાં કોર્પોરેટ સોશીયલ રીસ્પોસીબિલીટી (સી.એસ.આર.) હેઠળ અર્બન ફોરેસ્ટ વિકસાવવા માટે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, આ કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) શહેર હદ વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્લોટમાં કોર્પોરેટ સોશીયલ રીસ્પોસીબિલીટી (સી.એસ.આર.) હેઠળ અર્બન ફોરેસ્ટ વિકસાવવા માટેની પોલીસી અન્વયે નીચે જણાવેલ શરતોને મંજુરી આપવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકાના ખુલ્લા પ્લોટમાં અર્બન ફોરેસ્ટ ડેવલપમેન્ટ હેતુસર કોર્પોરેટ સોશીયલ રીસ્પોન્સીબિલીટી(સી.એસ.આર.) હેઠળ કામ સોંપવા અંગેની પોલીસી અન્વયે શરતો :–

૧. સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતને સોંપવામાં આવેલ ખુલ્લા પ્લોટને અર્બન ફોરેસ્ટ તરીકે વિકાસ કરવાનો રહેશે. સદરહુ પ્લોટમાં જમીનની તૈયારીથી લઈ દરેક પ્રકારની બાગબાની વિકાસ/નિભાવની કામગીરી સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતએ સ્વખર્ચે કરવાની રહેશે. ૨૦,૦૦૦ ચો.મી. થી વધુ ક્ષેત્રફળ ધરાવતા ખુલ્લા પ્લોટમાં ફરજીયાત વોટર બોડી વિકસાવવાની રહેશે. ફાળવવામાં આવેલ ખુલ્લા પ્લોટમાં યુટીલીટી એરીયા બાદ કર્યા સિવાય ઓછામાં ઓછો ૯૦% વિસ્તારમાં ઘનિષ્ઠ પ્લાન્ટેશન કરવાનું રહેશે. સોંપવામાં આવેલ ખુલ્લા પ્લોટ/ફાઈનલ પ્લોટમાં અર્બન ફોરેસ્ટ ડેવલપમેન્ટનો પ્લાન્ટીંગ પ્લાન સહિતનો લે–આઉટ પ્લાન કામ સોંપીએથી દિન–૭ માં સક્ષમ અધિકારી સમક્ષ રજુ કરી પુર્વ મંજુરી મેળવી કામગીરી શરૂ કરવાની રહેશે. લે–આઉટ પ્લાન મંજુર કર્યેથી સંપૂર્ણ પ્લોટમાં ૦૬(છ) માસમાં પ્લાન્ટેશનની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૨. સુરત મહાનગરપાલિકા ધ્વારા ફાળવવામાં આવેલ ખુલ્લા પ્લોટ પાસેથી પાણીની લાઈન પસાર થતી હશે તો પિયત કામગીરી માટે પાણીનું કનેકશન આપવામાં આવશે તેમજ પાણી માટે કોઈ ચાર્જ અલગથી વસુલવામાં આવશે નહિં. સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતએ પાણીનો બગાડ ન થાય તે માટે વિશેષ કાળજી રાખવાની રહેશે. રોપાઓના વિકાસ અને નિભાવ માટે સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતએ પ્લોટમાં પિયત માટેનું નેટવર્ક(પાઈપ લાઈન) સ્વખર્ચે બનાવવાનું રહેશે. વધુમાં, પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ ન હોય ત્યાં સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતએ જાતે જરૂરી પાણીની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે. અર્બન ફોરેસ્ટ ડેવલપમેન્ટ એન્ડ મેઈન્ટેનન્સ અંતર્ગત તમામ પ્રકારની હોર્ટીકલ્ચરલ વર્કસ સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતએ સ્વખર્ચે કરવાનું રહેશે.

૩. ખુલ્લા પ્લોટ/અર્બન ફોરેસ્ટમાં વિવિધ પાયાની સુવિધાઓ જેવી કે, કમ્પાઉન્ડ વોલ, પાર્કિંગ, વોક વે, વોટર હટ, ટોયલેટ બ્લોક, ગજેબો, ઈલેકટ્રીફીકેશન વિગેરે કામગીરીઓ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરી આપવામાં આવશે તેમજ તેનું નિભાવ કામ પણ વખતોવખત સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવશે.

૪. ઈલેકટ્રીસીટી માટે મીટરની સુવિધા સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતએ સ્વખર્ચે કરવાની રહેશે તથા નિયમિત લાઈટબીલ સ્વખર્ચે ભરવાનું રહેશે.

૨...

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

૫. અર્બન ફોરેસ્ટની અંદર ભવિષ્યમાં કોઈપણ પ્રકારની સ્થાયી કે અસ્થાયી મિલ્કતોમાં ફેરફાર કે સુધારા વધારા મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી વગર કરી શકાશે નહિં.

૬. ખુલ્લા પ્લોટ/અર્બન ફોરેસ્ટની સંપુર્ણ માલિકી સુરત મહાનગરપાલિકાની રહેશે.

૭. મહાનગરપાલિકા જયારે કબજો માંગે ત્યારે વિના વિલંબે જગ્યાનો કબજો સુરત મહાનગરપાલિકાને કોઈપણ પ્રકારનું વળતર માંગ્યા સિવાય સુપ્રત કરવાનો રહેશે.

૮. પ્રથમ તબકકે ખુલ્લા પ્લોટ/અર્બન ફોરેસ્ટના વિકાસ અને નિભાવ કામનો ૦૩(ત્રણ) વર્ષ માટેનો સમયગાળો રહેશે અને ત્યારબાદ જો સંસ્થાની અર્બન ફોરેસ્ટની નિભાવ કામગીરી સંતોષકારક જણાય તો તેમજ સંસ્થા વધુ ૦૩ (ત્રણ) વર્ષ માટે બાગબાની નિભાવ કામની કામગીરી કરવા તૈયારી દર્શાવે તો તેવા સંજોગોમાં વધુ ૦૩(ત્રણ) વર્ષ સમયમર્યાદા લંબાવવા મ્યુ.કમિશનરશ્રી અધિકૃત રહેશે.

૯. ખુલ્લા પ્લોટ/અર્બન ફોરેસ્ટની માવજત, સાચવણી તથા સફાઈ અંગે રાખવામાં આવેલ કામદારોના કાનુની કે અન્ય પ્રશ્નોની જવાબદારી જે તે સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતની રહેશે.

૧૦. ખુલ્લા પ્લોટ/અર્બન ફોરેસ્ટમાં બાગબાની વિકાસ અને નિભાવ કામ માટે સંસ્થાએ અનુભવી માળી રાખી કામગીરી કરાવવાની રહેશે.

૧૧. સી.એસ.આર. હેઠળ અર્બન ફોરેસ્ટના વિકાસ અને નિભાવ માટે સૌજન્ય દાખવનાર જે તે સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિત પોતાના નામનું બોર્ડ/લખાણ બાગની સુંદરતામાં ખલેલ ન પહોંચે તે મુજબ મહાનગરપાલિકાના સક્ષમ અધિકારી જે મુજબ માર્ગદર્શન આપે તે મુજબ સોંપવામાં આવેલ કામના સમયગાળા પૂરતુ જ લગાડવાનું રહેશે.

૧૨. સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતને અર્બન ફોરેસ્ટની સંપુર્ણ વિકાસ અને નિભાવની જવાબદારી આપવામાં આવેલ હોય તો પોતાની સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતગત ઉપયોગ જેવા કે, સમારંભ, મીટીંગ વિગેરે માટે કરી શકશે નહીં.

૧૩. શિક્ષણ અને પર્યાવરણ જાગૃતિ અર્થે વિદ્યાર્થીઓ તથા નાગરીકો માટે માર્ગદર્શિત નેચર વોક, બર્ડ વોચીંગ અને પર્યાવરણ જાગૃતિ સાથે સંલગ્ન આયોજનો વિના મૂલ્યે કરી શકાશે.

૧૪. પ્રતિબંધિત તેમજ ધંધાકીય પ્રવૃતિઓ અર્બન ફોરેસ્ટમાં કરી શકાશે નહીં.

૧૫. સોંપવામાં આવેલ અર્બન ફોરેસ્ટની વિકાસ અને નિભાવની દેખરેખ, માવજતમાં કોઈ ઉણપ માલુમ પડે તો અર્બન ફોરેસ્ટનો કોન્ટ્રાકટ રદ કરવાની સત્તા મ્યુ.કમિશનરશ્રીની રહેશે.

૧૬. અર્બન ફોરેસ્ટ ડેવલપમેન્ટ અંતર્ગત બાગબાની નિભાવ કામ ઉપરાંત રસ્તાઓની સફાઈ, પાણીની પરબ અને ટોયલેટ બ્લોકની સફાઈ વિગેરે કામગીરી નિયમિત કરવાની રહેશે. ટોયલેટ બ્લોક અને પાણીની પરબના માયનર સિવિલ મેઈન્ટેનન્સના કામો સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતએ સ્વખર્ચે કરવાના રહેશે.

૧૭. કોઈપણ પ્રકારની વિવાદી પરિસ્થિતિમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ અને આખરી રહેશે અને તે સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતને બંધનકર્તા રહેશે.

૧૮. અર્બન ફોરેસ્ટમાં જો તળાવ/વોટર બોડી હોય તો સ્લોપ એરીયા તેમજ વોટર બોડીમાં રહેલ એકવેટીક લાઈફને નુકશાન ન પહોંચે તે રીતે તળાવમાં બાયોડાયવર્સીટીમાં વિક્ષેપ કર્યા વગર સફાઈ નિયમિત કરવાની રહેશે.

૧૯. અર્બન ફોરેસ્ટમાં ધંધાકીય જાહેરાત મુકી શકાશે નહીં.

૩...

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

૨૦. અર્બન ફોરેસ્ટ વિકસિત થઈ ગયા બાદ સુરત મહાનગરપાલિકાની સુચના મુજબ જાહેર જનતા માટે અર્બન ફોરેસ્ટનો સમય સવારે ૬:૦૦ કલાક થી સાંજે ૬:૦૦ કલાક સુધી રાખવાનો રહેશે. અર્બન ફોરેસ્ટમાં જાહેર જનતાના પ્રવેશના સમયમાં સુરત મહાનગરપાલિકા ફેરફાર કરી શકશે.

૨૧. અર્બન ફોરેસ્ટની સુરક્ષા માટે જરૂરીયાત મુજબના સિકયુરીટી ગાર્ડ સંસ્થા/ટ્રસ્ટ/ વ્યકિતએ સ્વખર્ચે રાખવાના રહેશે. અર્બન ફોરેસ્ટની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતની રહેશે.

૨૨. અર્બન ફોરેસ્ટમાં સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતને ફાળવવામાં આવેલ પ્લોટના વિસ્તારના ૫% વિસ્તારમાં(૫૦૦ ચો.મી. થી વધુ નહિં) નર્સરી બનાવી શકશે તેમજ નર્સરીમાંથી રોપાઓ, બિયારણ, ઓર્ગેનીક ઈનપુટ, બાગબાની બાગ કામના સાધનો, માટીના કુંડાઓનું વ્યાજબી દરોએ વેચાણ કરી શકશે. રોપાઓનું ઉત્પાદન સદરહુ ફાળવેલ પ્લોટમાં કરવાનું રહેશે નહિં. વધુમાં, આ પ્રકારની પ્રવૃતિ સિવાય અન્ય કોઈ વ્યવસાયિક/વ્યાપારીક પ્રવૃતિ કરી શકશે નહિં.

૨૩. સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતને ફાળવવામાં આવેલ ખુલ્લા પ્લોટ/અર્બન ફોરેસ્ટને ''નો પ્લાસ્ટિક ઝોન'' તરીકે સંચાલિત કરવાનો રહેશે.

૨૪. સંસ્થા/ટ્રસ્ટ/વ્યકિતને ફાળવવામાં આવેલ અર્બન ફોરેસ્ટમાં શહેરીજનોના પ્રવેશ પર કોઈપણ ફી વસુલ કરી શકાશે નહિં.

૨૫. કરારનામા માટે પ્રવર્તમાન સરકારી નિયમ મુજબની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર રજુ કરી કરારનામુ કરવાનું રહેશે.

૨૬. સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાધીશની મંજુરી મળ્યેથી સીકયોરીટી ડીપોઝીટના રૂા.૫૦,૦૦૦/– નો ડી.ડી. કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાના નામનો આપે તુરંત સુરત મહાનગરપાલિકામાં જમા કરવાનો રહેશે.

(૨) વેસ્ટ ઝોનમાં આવેલ ટી.પી. નં.૩૦(વણકલા–ઓખા–વિહેલ), એફ.પી. નં.૧૪૨, ક્ષેત્રફળ ૨૦,૭૬૪ ચો.મી. ખાતે ઉપરોકત શરતોને આધિન અર્બન ફોરેસ્ટ ડેવલપ કરવા અરજી કર્તા સંસ્થા ''સુરત વન ફાઉન્ડેશન'' ને કામ સોંપવાની મંજુરી આપવાનું તથા સદર સંસ્થા સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩) આ પ્રકારનું કામ કરતી અન્ય સંસ્થા, ટ્રસ્ટ, વ્યકિતને પણ સદરહું શરતોને આધિન કોર્પોરેટ સોશીયલ રિસ્પોન્સીબિલીટી(સી.એસ.આર.) હેઠળ અર્બન ફોરેસ્ટ ડેવલપ કરવા મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૨૬૬/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————————

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

નકલ સાદર રવાના : અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ.

HIMANSHU.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૬–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૨૧૧ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પ્રિલિમિનરી ટી.પી. સ્કીમ નં.૧૩(ભરથાણા–વેસુ) માં એપ્રોપ્રિએટ ઓથોરીટી–સુરત મહાનગરપાલિકાને "સેલ ફોર કોમર્શીયલ" ના હેતુ માટે ફાળવેલ અનામત ફા.પ્લોટ નં.૧૬૮, ક્ષે.૨૦૯૭ ચો.મી. જમીન રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ફાળવવા બાબતે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, આ કામે નીચે મુજબના નિર્ણયો લેવા તથા આ અંગે આગળની જરૂરી કાર્યવાહી/નિર્ણય કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

(૧) ફાઈલના પત્ર વ્યવહાર વિભાગના પાના નં.૪૫ ઉપર સામેલ નકશામાં કાળા રંગના હેચીસથી દર્શાવ્યા મુજબની પ્રિલિમિનરી ટી.પી. સ્કીમ નં.૧૩(ભરથાણા–વેસુ) માં એપ્રોપ્રિએટ ઓથોરીટી–સુરત મહાનગરપાલિકાને "સેલ ફોર કોમર્શીયલ" ના હેતુ માટે ફાળવેલ અનામત ફા.પ્લોટ નં.૧૬૮, ક્ષે.૨૦૯૭ ચો.મી. જમીન રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને "શહેરી/વિસ્તાર વિકાસ સત્તા મંડળોના (ડિસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ) રેગ્યુલેશન–૨૦૦૨" ની કલમ–૧૩ ની જોગવાઈઓ હેઠળ ખાસ કિસ્સા તરીકે ફાળવણી કરવા.

(૨) ઉપરોકત મુદ્દા નં.(૧) થી પ્રિલિમિનરી ટી.પી. સ્કીમ નં.૧૩(ભરથાણા–વેસુ), અનામત ફા.પ્લોટ નં.૧૬૮(સેલ ફોર કોમર્શીયલ) વાળી જમીન રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ફાળવણીનો નિર્ણય કરવામાં આવે તો, "શહેરી/વિસ્તાર વિકાસ સત્તા મંડળોના(ડિસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ) રેગ્યુલેશન–૨૦૦૨" ની જોગવાઈઓ હેઠળ રચિત "કમિટિ" ને નીચે જણાવેલ મુદ્દાઓ અંગે યોગ્ય નિર્ણય લેવા સુચન કરવા.

(a) પ્રશ્નવાળી જમીન હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને વેચાણથી નહિં આપતા, પ્રવર્તમાન જંત્રી તથા "શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોના(ડીસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ)રેગ્યુલેશન–૨૦૦૨" ની જોગવાઈઓ મુજબના મુલ્યાંકનમાંથી જે મહત્તમ હોય તે મુલ્યાંકન નકકી કરી, તે મુજબ પ્રિમીયમ તથા રૂા.૧/– પ્રતિ ચો.મી. વાર્ષિક ભાડુ વસુલ લઈ, ૯૯ વર્ષના સમયગાળા માટે ભાડેપટ્ટે(LEASE) થી ફાળવણી કરવા અને ૯૯ વર્ષના વાર્ષિક ભાડાની રકમ એડવાન્સમાં વસુલવા.

૨...

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

(b) પ્રશ્નવાળી જમીનની ફાળવણી અંગે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ફાળવણીપત્ર મળ્યા તારીખથી ૧૮૦ દિવસમાં રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ચેક/RTGS/NEFT વિગેરે ઓનલાઈન પેમેન્ટ પધ્ધતિથી ભરપાઈ કરાવવા તથા હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. દિન–૧૮૦ માં પૂરેપૂરી રકમ ભરપાઈ ન કરી શકે તો, જે તે સમય/સંજોગો, ગુણદોષ ધ્યાને લઈ, સદર સમયમર્યાદામાં વધારો કરવા અંગે યોગ્ય નિર્ણય કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા.

(c) પ્રશ્નવાળી જમીનની ફાળવણી કરવા નિર્ણય થયેથી ભાડા કરાર/લીઝડીડ માટે સ્ટેમ્પ ફી, રજીસ્ટ્રેશન ફી તેમજ આનુસાંગિક તમામ ખર્ચ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ભોગવવાના રહેશે.

(d) પ્રશ્નવાળી જમીનનો ફકત રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) અથવા તેને આનુષાંગિક હેતુ માટે જ વિકાસ કરવામાં/ઉપયોગમાં લેવામાં આવે તથા સુરત મહાનગરપાલિકાની પુર્વ મંજુરી મેળવ્યા વિના અન્ય કોઈ હેતુ માટે વિકાસ કરી શકશે નહીં, તે મુજબની બાંહેધરી લઈ ચુસ્તપણે પાલન કરવાની શરતે ફાળવણી કરવા.

(e) ફાળવણી થયેથી સરકારી/અર્ધસરકારી/મહાનગરપાલિકા સહિતની જે–તે લાગુ પડતી સક્ષમ સત્તાઓ/સંસ્થાઓની જે કોઈ જરૂરી હોય તેવી તમામ મંજુરી/પરવાનગી/લાયસન્સ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા પોતાના ખર્ચે અને જોખમે મેળવવાના રહેશે તેમજ સદર જમીન પર બાંધકામ/વિકાસ/વપરાશ કરવા અંગે પ્રવર્તમાન નીતિ–નિયમોનુસાર જે તે સક્ષમ સરકારી/અર્ધસરકારી ઓથોરીટી/વિભાગની જરૂરી મંજૂરી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા મેળવી તે મુજબ જ બાંધકામ/વિકાસ/વપરાશ કરવાનો રહેશે.

(f) હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ફાળવણીવાળી જમીનમાં તમામ પ્રાથમિક જરૂરીયાત જેવી કે, વીજળી, પાણી, ડ્રેનેજ વિગેરે જોડાણો પણ પોતાના ખર્ચે અને જોખમે મેળવવાના રહેશે.

(g) ફાળવણીવાળી જમીન બાબતે ભવિષ્યમાં ફાળવણીની શરતો અંગે સરકારશ્રી કે અન્ય સક્ષમ સત્તા/સંસ્થા ધ્વારા કોઈ વાંધા/સુચન ઉપસ્થિત કરવામાં આવે અથવા વખતો–વખત હુકમો કરવામાં આવે તો તે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને માન્ય અને બંધનકર્તા રહેશે અને આ બાબતે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(h) ફાળવણીવાળી જમીન બાબતે સુરત મહાનગરપાલિકા અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. વચ્ચેના કરારની કોઈ શરતોનો હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ભંગ કરવામાં આવે તો સુરત મહાનગરપાલિકા ફાળવણીવાળી જમીન અને તેના ઉપર બાંધવામાં આવનાર/આવેલ રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) નો કબ્જો હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. પાસેથી મેળવી શકે તે શરતે ફાળવવા.

૩...

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

(i) પ્રશ્નવાળી જમીન ઉપર હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા પોતાના ખર્ચે અને જોખમે બાંધકામ કરવાનું રહેશે તથા હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ફાળવણીવાળી જમીનના કેન્દ્ર સરકાર/રાજય સરકાર તરફથી નકકી થયેલ ચાર્જ કે વખતો વખત લાગુ પડતા ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્ષ/GST/ડયુટી/ સેસ/વેરાઓ વિગેરે ભરવાની/આપવાની જવાબદારી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની રહેશે. કેન્દ્ર સરકાર/રાજય સરકાર/સ્થાનિક સ્વરાજય સંસ્થાના નિયમો/કાયદાઓમાં ફેરફાર થવાને કારણે કે નવા નિયમો/કાયદાઓને કારણે ભાડાની મુદત દરમ્યાન જો કોઈ નવા ટેક્ષ/GST/ડયુટી/સેસ/વેરાઓ વિગેરે અમલમાં આવે તો તે તમામ ભરપાઈ કરવાની જવાબદારી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની રહેશે અને ફાળવણીની મુદત પુરી થયા પછી જો આ પ્રકારે લેણુ આવશે તો સુરત મહાનગરપાલિકા હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. પાસે વસુલ કરવા હકકદાર રહે તે શરતે ફાળવણી કરવા.

(j) રાજય સરકાર/સ્થાનિક સ્વરાજય સંસ્થા તરફથી નિયમોનુસાર વસુલવાપાત્ર મહેસુલ/સેસ તથા અન્ય તમામ લેણી રકમ ભરપાઈ કરવા અંગેની જવાબદારી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની રહેશે.

(k) ભાડાપટ્ટે(LEASE) થી ફાળવેલ જમીન સંદર્ભે સુરત મહાનગરપાલિકાની પૂર્વ લેખિત મંજુરી સિવાય હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. જે તે સરકારી–અર્ધસરકારી કચેરીમાં, આકરણી રજીસ્ટારમાં, રેકર્ડ ઓફ રાઈટસ વિગેરેમાં, હકક/હિસ્સામાં ફેરફાર કરી શકશે નહીં કે અન્ય સરકારી રેકર્ડમાં નોંધણી કરાવી શકશે નહીં.

(l) હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ફાળવણીવાળી જમીન/મિલકત સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી સિવાય અન્ય કોઈ વ્યકિત, ટ્રસ્ટ કે સંસ્થા વિગેરેને કોઈપણ પ્રકારે તબદીલ કરી શકશે નહિં તેમજ ફાળવણી કરેલ જમીન/મિલકત કોઈપણ પ્રકારે ગીરો મૂકી શકશે નહિં તે શરતે ફાળવણી કરવા તથા આ અંગે સુરત મહાનગરપાલિકા જે શરત/ટ્રાન્સફર ફી/રકમ વિગેરે અન્ય કોઈપણ બાબતે જે નિર્ણય કરે તે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને બંધનકર્તા રહેશે.

(m) જો કોઈ સંજોગોમાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ફાળવેલ જમીન/મિલકતનો ઉપયોગ બંધ કરવા માંગતા હોય તો જમીન/મિલકતનો સારી હાલતમાં કબજો સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવાનો રહેશે, તેમ કરવામાં કસુર થયેથી સુરત મહાનગરપાલિકા જરૂરી કાર્યવાહી કરી જમીન/મિલકત હસ્તગત કરી શકશે.

૪...

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

(n) ફાળવણીવાળી જમીન ઉપર હયાત/નવા બાંધકામમાં કોઈપણ કારણસર કોઈપણ આગ, અકસ્માત, કુદરતી/માનવસર્જિત આફતમાં કોઈપણ જાન–માલનું નુકસાન થાય તો તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેશે નહીં અને નાગરિકો/જાહેર જનતા તથા જમીન/મિલ્કતની સલામતી/સુરક્ષા સહિતની સંપૂર્ણ જવાબદારી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની રહેશે.

(o) સુરત મહાનગરપાલિકાને જરૂર જણાય ત્યારે ફાળવણી/કરારની શરતોમાં સુધારો કે ઉમેરો કરી શકાશે તેમજ કરાર અંગે થનાર તમામ આનુસાંગિક ખર્ચાઓ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ભોગવવાના રહેશે.

(p) હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. સદર જમીનનો ભાડાપટ્ટો વધુ સમય માટે વધારવા ઈચ્છતી હોય તો ભાડાપટ્ટાની મુદ્દત પૂર્ણ થવાના ૦૧(એક) વર્ષ અગાઉ આ અંગે સુરત મહાનગરપાલિકાને લેખિત જાણ કરવાની રહેશે. પ્રશ્ન હેઠળની જમીનની ફાળવણીની મુદ્દત વધુ સમય માટે વધારવા અંગે જે તે સમયે સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે તેમજ ફાળવણીની મુદ્દત વધુ સમય માટે વધારવા અંગે નિર્ણય કરવામાં આવે તો ફાળવણી સમયે અમલી હોય તે મુજબના કાયદા, સુરત મહાનગરપાલિકા/સરકારશ્રીના નીતિ–નિયમો, ભાવ, શરતો મુજબ વધુ સમય માટે ફાળવવા નિર્ણય કરવાનો રહેશે.

(૩) પ્રિલિમિનરી ટી.પી. સ્કીમ નં.૧૩(ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૧૬૮, ક્ષે.૨૦૯૭ ચો.મી. વાળી જમીન એપ્રોપ્રિએટ ઓથોરીટી–સુરત મહાનગરપાલિકાને ''સેલ ફોર કોમર્શીયલ'' ના હેતુ માટે ફાળવવામાં આવેલ છે સદરહું જમીન સરકારશ્રીની ''શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોના(ડીસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ) રેગ્યુલેશન–૨૦૦૨'' ની કલમ–૧૩ ની જોગવાઈઓ હેઠળ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ખાસ કિસ્સા તરીકે ફાળવણીના કામે નામ.સરકારશ્રીની મંજુરી/નિર્ણય મેળવવાની રહે છે, તે માટે જરૂરી કાર્યવાહી/પત્ર વ્યવહાર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા તેમજ સદર ફાળવણી અંગે સરકારશ્રી ધ્વારા જે કોઈ નિર્ણય કરવામાં આવશે, તે આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

ઠરાવ નં.૧૨૬૭/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————————

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૬–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૨૧૨ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ફાયનલ ટી.પી. સ્કીમ નં.૧૩(અડાજણ) માં એપ્રોપ્રિએટ ઓથોરીટી–સુરત મહાનગરપાલિકાને "કોમર્શીયલ યુઝ" ના હેતુ માટે ફાળવેલ અનામત ફા.પ્લોટ નં.૧૩૦ પૈકી ક્ષે.૧૫૭૫ ચો.મી. જમીન રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ફાળવવા બાબતે અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, આ કામે નીચે મુજબના નિર્ણયો લેવા તથા આ અંગે આગળની જરૂરી કાર્યવાહી/નિર્ણય કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

(૧) ફાઈલના પત્ર વ્યવહાર વિભાગના પાના નં.૬૫ ઉપર સામેલ નકશામાં કાળા રંગના હેચીસથી દર્શાવ્યા મુજબની ફાયનલ ટી.પી. સ્કીમ નં.૧૩(અડાજણ) માં એપ્રોપ્રિએટ ઓથોરીટી–સુરત મહાનગરપાલિકાને "કોમર્શીયલ યુઝ" ના હેતુ માટે ફાળવેલ અનામત ફા.પ્લોટ નં.૧૩૦ પૈકી ક્ષે.૧૫૭૫ ચો.મી. જમીન રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને "શહેરી/વિસ્તાર વિકાસ સત્તા મંડળોના(ડિસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ) રેગ્યુલેશન–૨૦૦૨" ની કલમ–૧૩ ની જોગવાઈઓ હેઠળ ખાસ કિસ્સા તરીકે ફાળવણી કરવા.

(૨) ઉપરોકત મુદ્દા નં.(૧) થી ફાયનલ ટી.પી. સ્કીમ નં.૧૩(અડાજણ), અનામત ફા.પ્લોટ નં.૧૩૦(કોમર્શીયલ યુઝ) પૈકી વાળી જમીન રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ફાળવણીનો નિર્ણય કરવામાં આવે તો, "શહેરી/વિસ્તાર વિકાસ સત્તા મંડળોના(ડિસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ) રેગ્યુલેશન–૨૦૦૨" ની જોગવાઈઓ હેઠળ રચિત "કમિટિ" ને નીચે જણાવેલ મુદ્દાઓ અંગે યોગ્ય નિર્ણય લેવા સુચન કરવા.

(a) પ્રશ્નવાળી જમીન હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને વેચાણથી નહિં આપતા, પ્રવર્તમાન જંત્રી તથા "શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોના(ડીસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ)રેગ્યુલેશન–૨૦૦૨" ની જોગવાઈઓ મુજબના મુલ્યાંકનમાંથી જે મહત્તમ હોય તે મુલ્યાંકન નકકી કરી, તે મુજબ પ્રિમીયમ તથા રૂા.૧/– પ્રતિ ચો.મી. વાર્ષિક ભાડુ વસુલ લઈ, ૯૯ વર્ષના સમયગાળા માટે ભાડેપટ્ટે(LEASE) થી ફાળવણી કરવા અને ૯૯ વર્ષના વાર્ષિક ભાડાની રકમ એડવાન્સમાં વસુલવા.

૨...

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

(b) પ્રશ્નવાળી જમીનની ફાળવણી અંગે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ફાળવણીપત્ર મળ્યા તારીખથી ૧૮૦ દિવસમાં રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક/RTGS/NEFT વિગેરે ઓનલાઈન પેમેન્ટ પધ્ધતિથી ભરપાઈ કરાવવા તથા હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. દિન–૧૮૦ માં પૂરેપૂરી રકમ ભરપાઈ ન કરી શકે તો, જે તે સમય/સંજોગો, ગુણદોષ ધ્યાને લઈ, સદર સમયમર્યાદામાં વધારો કરવા અંગે યોગ્ય નિર્ણય કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા.

(c) પ્રશ્નવાળી જમીનની ફાળવણી કરવા નિર્ણય થયેથી ભાડા કરાર/લીઝડીડ માટે સ્ટેમ્પ ફી, રજીસ્ટ્રેશન ફી તેમજ આનુસાંગિક તમામ ખર્ચ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ભોગવવાના રહેશે.

(d) પ્રશ્નવાળી જમીનનો ફકત રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) અથવા તેને આનુષાંગિક હેતુ માટે જ વિકાસ કરવામાં/ઉપયોગમાં લેવામાં આવે તથા સુરત મહાનગરપાલિકાની પુર્વ મંજુરી મેળવ્યા વિના અન્ય કોઈ હેતુ માટે વિકાસ કરી શકશે નહીં, તે મુજબની બાંહેધરી લઈ ચુસ્તપણે પાલન કરવાની શરતે ફાળવણી કરવા.

(e) ફાળવણી થયેથી સરકારી/અર્ધસરકારી/મહાનગરપાલિકા સહિતની જે–તે લાગુ પડતી સક્ષમ સત્તાઓ/સંસ્થાઓની જે કોઈ જરૂરી હોય તેવી તમામ મંજુરી/પરવાનગી/લાયસન્સ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા પોતાના ખર્ચે અને જોખમે મેળવવાના રહેશે તેમજ સદર જમીન પર બાંધકામ/વિકાસ/વપરાશ કરવા અંગે પ્રવર્તમાન નીતિ–નિયમોનુસાર જે તે સક્ષમ સરકારી/અર્ધસરકારી ઓથોરીટી/વિભાગની જરૂરી મંજૂરી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા મેળવી તે મુજબ જ બાંધકામ/વિકાસ/વપરાશ કરવાનો રહેશે.

(f) હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ફાળવણીવાળી જમીનમાં તમામ પ્રાથમિક જરૂરીયાત જેવી કે, વીજળી, પાણી, ડ્રેનેજ વિગેરે જોડાણો પણ પોતાના ખર્ચે અને જોખમે મેળવવાના રહેશે.

(g) ફાળવણીવાળી જમીન બાબતે ભવિષ્યમાં ફાળવણીની શરતો અંગે સરકારશ્રી કે અન્ય સક્ષમ સત્તા/સંસ્થા ધ્વારા કોઈ વાંધા/સુચન ઉપસ્થિત કરવામાં આવે અથવા વખતો–વખત હુકમો કરવામાં આવે તો તે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને માન્ય અને બંધનકર્તા રહેશે અને આ બાબતે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(h) ફાળવણીવાળી જમીન બાબતે સુરત મહાનગરપાલિકા અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. વચ્ચેના કરારની કોઈ શરતોનો હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ભંગ કરવામાં આવે તો સુરત મહાનગરપાલિકા ફાળવણીવાળી જમીન અને તેના ઉપર બાંધવામાં આવનાર/આવેલ રીટેઈલ આઉટલેટ(પેટ્રોલ પંપ) નો કબ્જો હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. પાસેથી મેળવી શકે તે શરતે ફાળવવા.

૩...

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

(i) પ્રશ્નવાળી જમીન ઉપર હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા પોતાના ખર્ચે અને જોખમે બાંધકામ કરવાનું રહેશે તથા હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ફાળવણીવાળી જમીનના કેન્દ્ર સરકાર/રાજય સરકાર તરફથી નકકી થયેલ ચાર્જ કે વખતો વખત લાગુ પડતા ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્ષ/GST/ડયુટી/ સેસ/વેરાઓ વિગેરે ભરવાની/આપવાની જવાબદારી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની રહેશે. કેન્દ્ર સરકાર/રાજય સરકાર/સ્થાનિક સ્વરાજય સંસ્થાના નિયમો/કાયદાઓમાં ફેરફાર થવાને કારણે કે નવા નિયમો/કાયદાઓને કારણે ભાડાની મુદત દરમ્યાન જો કોઈ નવા ટેક્ષ/GST/ડયુટી/સેસ/વેરાઓ વિગેરે અમલમાં આવે તો તે તમામ ભરપાઈ કરવાની જવાબદારી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની રહેશે અને ફાળવણીની મુદત પુરી થયા પછી જો આ પ્રકારે લેણુ આવશે તો સુરત મહાનગરપાલિકા હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. પાસે વસુલ કરવા હકકદાર રહે તે શરતે ફાળવણી કરવા.

(j) રાજય સરકાર/સ્થાનિક સ્વરાજય સંસ્થા તરફથી નિયમોનુસાર વસુલવાપાત્ર મહેસુલ/સેસ તથા અન્ય તમામ લેણી રકમ ભરપાઈ કરવા અંગેની જવાબદારી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની રહેશે.

(k) ભાડાપટ્ટે(LEASE) થી ફાળવેલ જમીન સંદર્ભે સુરત મહાનગરપાલિકાની પૂર્વ લેખિત મંજુરી સિવાય હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. જે તે સરકારી–અર્ધસરકારી કચેરીમાં, આકરણી રજીસ્ટારમાં, રેકર્ડ ઓફ રાઈટસ વિગેરેમાં, હકક/હિસ્સામાં ફેરફાર કરી શકશે નહીં કે અન્ય સરકારી રેકર્ડમાં નોંધણી કરાવી શકશે નહીં.

(l) હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ફાળવણીવાળી જમીન/મિલકત સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી સિવાય અન્ય કોઈ વ્યકિત, ટ્રસ્ટ કે સંસ્થા વિગેરેને કોઈપણ પ્રકારે તબદીલ કરી શકશે નહિં તેમજ ફાળવણી કરેલ જમીન/મિલકત કોઈપણ પ્રકારે ગીરો મૂકી શકશે નહિં તે શરતે ફાળવણી કરવા તથા આ અંગે સુરત મહાનગરપાલિકા જે શરત/ટ્રાન્સફર ફી/રકમ વિગેરે અન્ય કોઈપણ બાબતે જે નિર્ણય કરે તે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને બંધનકર્તા રહેશે.

(m) જો કોઈ સંજોગોમાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ફાળવેલ જમીન/મિલકતનો ઉપયોગ બંધ કરવા માંગતા હોય તો જમીન/મિલકતનો સારી હાલતમાં કબજો સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવાનો રહેશે, તેમ કરવામાં કસુર થયેથી સુરત મહાનગરપાલિકા જરૂરી કાર્યવાહી કરી જમીન/મિલકત હસ્તગત કરી શકશે.

૪...

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

(n) ફાળવણીવાળી જમીન ઉપર હયાત/નવા બાંધકામમાં કોઈપણ કારણસર કોઈપણ આગ, અકસ્માત, કુદરતી/માનવસર્જિત આફતમાં કોઈપણ જાન–માલનું નુકસાન થાય તો તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેશે નહીં અને નાગરિકો/જાહેર જનતા તથા જમીન/મિલ્કતની સલામતી/સુરક્ષા સહિતની સંપૂર્ણ જવાબદારી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની રહેશે.

(o) સુરત મહાનગરપાલિકાને જરૂર જણાય ત્યારે ફાળવણી/કરારની શરતોમાં સુધારો કે ઉમેરો કરી શકાશે તેમજ કરાર અંગે થનાર તમામ આનુસાંગિક ખર્ચાઓ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. ધ્વારા ભોગવવાના રહેશે.

(p) હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી. સદર જમીનનો ભાડાપટ્ટો વધુ સમય માટે વધારવા ઈચ્છતી હોય તો ભાડાપટ્ટાની મુદ્દત પૂર્ણ થવાના ૦૧(એક) વર્ષ અગાઉ આ અંગે સુરત મહાનગરપાલિકાને લેખિત જાણ કરવાની રહેશે. પ્રશ્ન હેઠળની જમીનની ફાળવણીની મુદ્દત વધુ સમય માટે વધારવા અંગે જે તે સમયે સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે તેમજ ફાળવણીની મુદ્દત વધુ સમય માટે વધારવા અંગે નિર્ણય કરવામાં આવે તો ફાળવણી સમયે અમલી હોય તે મુજબના કાયદા, સુરત મહાનગરપાલિકા/સરકારશ્રીના નીતિ–નિયમો, ભાવ, શરતો મુજબ વધુ સમય માટે ફાળવવા નિર્ણય કરવાનો રહેશે.

(૩) ફાયનલ ટી.પી. સ્કીમ નં.૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.૧૩૦ પૈકી ક્ષે.૧૫૭૫ ચો.મી. વાળી જમીન એપ્રોપ્રિએટ ઓથોરીટી–સુરત મહાનગરપાલિકાને "કોમર્શીયલ યુઝ" ના હેતુ માટે ફાળવવામાં આવેલ છે સદરહું જમીન સરકારશ્રીની "શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોના (ડીસ્પોઝલ ઓફ લેન્ડ એન્ડ અધર પ્રોપર્ટીઝ) રેગ્યુલેશન–૨૦૦૨" ની કલમ–૧૩ ની જોગવાઈઓ હેઠળ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ને ખાસ કિસ્સા તરીકે ફાળવણીના કામે નામ.સરકારશ્રીની મંજુરી/નિર્ણય મેળવવાની રહે છે, તે માટે જરૂરી કાર્યવાહી/પત્ર વ્યવહાર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા તેમજ સદર ફાળવણી અંગે સરકારશ્રી ધ્વારા જે કોઈ નિર્ણય કરવામાં આવશે, તે આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

ઠરાવ નં.૧૨૬૮/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————————

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૭૫ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, ભારત સરકારના ધોરણે રાજય સરકાર ધ્વારા નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત અશકતતા અને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં અશકતતા/કુટુંબ પેન્શન મુજબના લાભો આપવા બાબતેના નાણા વિભાગ, ગુજરાત સરકારશ્રીના તા.૨૪–૯–૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક : નપન/૧૦૨૦૨૧/૬૯૧૪/પી(પેન્શન સેલ), તા.૨૧–૧૦–૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક : નપન/૧૦૨૦૨૧/૬૯૧૪/પી(પેન્શન સેલ) તથા તા.૩–૧૧–૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક : નપન/૧૦૨૦૨૧/૬૯૧૪/પી(પેન્શન સેલ) નો સુરત મહાનગરપાલિકા ખાતે અમલ કરવા તથા સદર ઠરાવોમાં દર્શાવેલ સુચનાઓ/કાર્યપધ્ધતિ તથા ભવિષ્યમાં રાજય સરકારશ્રી ધ્વારા આ અંગે પ્રસિધ્ધ થનાર સુચના/કાર્યપધ્ધતિ અનુસરવા અંગેની કાર્યવાહી હિસાબી વિભાગ ધ્વારા કરવા અને તે અંગે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઠરાવ નં.૧૨૬૯/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૭૬ થી વિદિત થઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–બી(સચિન–કનકપુર) ખાતે કાર્યપાલક ઈજનેર(સિવિલ) તરીકે રેગ્યુલર પગાર સ્કેલ રૂા.૧૦,૦૦૦–૧૫,૨૦૦ (પે બેન્ડ ૧૫,૬૦૦–૩૯,૧૦૦ ગ્રેડ પે ૬૬૦૦)(પે મેટ્રીક્ષ રૂા.૬૭,૭૦૦–૨,૦૮,૭૦૦) ના પગાર ધોરણમાં ફરજ બજાવતા શ્રી રૂપેશ રમેશચંદ્ર શાહ(કર્મચારી નં.૩૪૧૧૦) ની તેમની તા.૨૩–૬–૨૦૨૬ ની અરજી અનુસંધાને ત્રણ માસનો નોટીસ–પે વસુલ લઈ સદર ઠરાવ થયા તારીખથી ઓફીસ સમય બાદ અમલમાં આવે તે રીતે તેઓની સ્વૈ.નિવૃત્તિ મંજુર કરવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નં.૧૨૭૦/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

––––––––––––––––––––––––

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

નકલ સ.૨.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ.

HIMANSHU.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૭૭ થી વિદિત થઈ, સ્મીમેર મેડીકલ કોલેજ ખાતેના શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ ના અનુસ્નાતક અભ્યાસક્રમ માટે વિષયવાઈઝ મેનેજમેન્ટ કવોટા તેમજ NRI કવોટા બેઠકોની ટયુશન ફી નું ધોરણ નકકી કરવા અંગે દરખાસ્તના પેરા નં.૧ થી ૬ ની વિગતોની હકીકત જાણમાં લેવાનું તથા નીચે કોષ્ટક–ક માં જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ ના અનુસ્નાતક વિભાગોની મેનેજમેન્ટ કવોટા અને એન.આર.આઈ. કવોટાની ટયુશન ફી વસુલ કરવાનું તેમજ ગુજરાત સરકારશ્રીના એકટ મુજબ નિમાયેલ ફી રેગ્યુલેટરી કમિટી(મેડીકલ) ધ્વારા નકકી થયેલ મહત્તમ ફી ની મર્યાદામાં ફી નું ધોરણ વિષયવાઈઝ મંજુર કરવા, વસુલ કરવા તેમજ સદર ફી ની બાબતમાં કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તો તેના અર્થઘટન કરવા કે નીતિવિષયક નિર્ણય બાબતે તેના નિરાકરણ માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું તેમજ માસિક સાધારણ સભા ઠરાવ નં.૫૬૯/૨૦૨૫, તા.૨૨–૭–૨૦૨૫ ની વિગતો તેમજ કરવામાં આવેલ જોગવાઈઓ યથાવત રાખવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવે છે.

<u>કોષ્ટક–ક</u>

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટે અનુસ્નાતક વિષયવાઈઝ ડિફરન્સીયલ ફી ની વિગત

અભ્યાસક્રમનું નામ ડીગ્રી કોર્ષ કલીનીકલ વિષય	મેનેજમેન્ટ કવોટા અભ્યાસક્રમ(વિદ્યાર્થી દીઠ વાર્ષિક ટયુશન ફી) (રૂા.લાખમાં)	NRI કવોટા અભ્યાસક્રમ(વિદ્યાર્થી દીઠ વાર્ષિક ટયુશન ફી) (US $)
૧	૨	૩
એનેસ્થેસીયોલોજી	૩૯.૦૦	૬૦૦૦૦ US $
ટી.બી. એન્ડ ચેસ્ટ(રેસ્પીરેટરી મેડીસીન)	૩૯.૦૦	૭૦૦૦૦ US $
ઈ.એન.ટી.(ઓટો–રહીનોલોજી)	૩૯.૦૦	૭૦૦૦૦ US $
પેથોલોજી	૩૯.૦૦	૬૦૦૦૦ US $
જનરલ મેડીસીન	૪૪.૭૧	૭૦૦૦૦ US $
જનરલ સર્જરી	૪૪.૭૧	૭૦૦૦૦ US $

૨...

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

૧	૨	૩
પીડીયાટ્રીકસ	૪૪.૭૧	૭૦૦૦૦ US $
સ્કીન એન્ડ વી.ડી.(ડીવીએલ)	૪૪.૭૧	૭૦૦૦૦ US $
સાયકયાટ્રી	૪૪.૭૧	૭૦૦૦૦ US $
રેડીયોલોજી	૪૯.૮૪	૭૦૦૦૦ US $
ઓબ્સ એન્ડ ગાયનેકોલોજી	૪૯.૮૪	૭૦૦૦૦ US $
ઓર્થોપેડીકસ	૪૯.૮૪	૭૦૦૦૦ US $
ઓપ્થેલ્મોલોજી	૪૯.૮૪	૭૦૦૦૦ US $

ઠરાવ નં.૧૨૭૧/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

નકલ સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ.

HIMANSHU.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૩–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૭૯ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકા સંચાલિત તબીબી શિક્ષણ અને સંશોધન સંસ્થાન(સ્મીમેર)ના વિવિધ વિભાગોની ટીચીંગ સ્ટાફની જગ્યા ઉપર પ્રમોશન આપવા માટે નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિવિધ વિભાગોના ટીચીંગ સ્ટાફની ખાલી જગ્યા ઉપર પ્રતિક્ષાયાદીમાં સમાવવામાં આવેલ ટીચીંગ સ્ટાફને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની માન્યતાના પત્ર ક્રમાંકઃ જોડાણ/માન્યતા/૬૯૪૫/૨૦૨૬, તા.૪–૪–૨૦૨૬ અને નેશનલ મેડીકલ કમિશનની આખરી મંજુરીને આધિન નિમણુંક આપવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

<u>પરિશિષ્ટ</u>

અ.નં.	નામ	ડીપાર્ટમેન્ટ	હાલનો હોદ્દો	પ્રમોશન માટેનો હોદ્દો
૧	ડો.સંદિપકુમાર કાલીદાસ રલોતી –૩૭૧૨૧	ફોરેન્સીક મેડીસીન અને ટોક્ષીકોલોજી	આસી.પ્રોફેસર	એસો.પ્રોફેસર
૨	ડો.વિજયકુમાર દરોગી કૌશિક –૩૬૧૧૨	ફોરેન્સીક મેડીસીન અને ટોક્ષીકોલોજી	ટયુટર	આસી.પ્રોફેસર

ઠરાવ નં.૧૨૭૨/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————————

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૩–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૮૨ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર કોલેજ ખાતે સ્થાનિક બેઠકો માટે પ્રવેશ મેળવનાર સુરતવાસીઓના હિતને ધ્યાને લઈ, સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ માટેની ૨૫૦ બેઠકો પૈકી ૧૫% પ્રમાણે ૩૮ બેઠકો એન.આર.આઈ. કવોટાની, ૧૦% પ્રમાણે ૨૫ બેઠકો મેનેજમેન્ટ કવોટાની તેમજ ૭૫% પ્રમાણે ૧૮૮ ગર્વમેન્ટ કવોટા બેઠકો પૈકી ૭૦ બેઠકો લોકલ કવોટા માટે હોય, જેથી એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ માટે હયાત લોકલ કવોટાની ૭૦ બેઠકોમાં વધારો કરી ૭૦%(૧૩૧ બેઠકો) કરવા નીતિ–વિષયક નિર્ણય લઈ, રાજય સરકારશ્રી સાથે જરૂરી પત્ર વ્યવહાર કરવા ડીનશ્રી, સ્મીમેરને અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઠરાવ નં.૧૨૭૩/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૩–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૮૪ થી વિદિત થઈ, સેન્ટ્રલ ઝોનના ફરજ મોકુફી હેઠળના નાયબ આરોગ્ય અધિકારી ડો.અજીતકુમાર પ્રવિણચંદ્ર ભટ્ટ (કર્મચારી નં.૧૭૨૪૦) ને કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૬૭૫, તા.૧૭–૩–૨૦૨૬ થી તેઓને ફરજમાં પુનઃસ્થાપિત કરવામાં આવેલ, તે અંગેની જાણ લેવા તેમજ બહાલ રાખવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઠરાવ નં.૧૨૭૪/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૮–૬–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૨૫ થી વિદિત થઈ, ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) ખાતે આઉટસોર્સથી મેનપાવર પુરા પાડવાના કામે GeM પોર્ટલ ઉપર બીડ કરતા નિયત સમયમર્યાદામાં બીડ ભરનાર કુલ–૨૭૧ બીડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૧૧ બીડરો પૈકી GEM પોર્ટલ ઉપર લોટરી સીસ્ટમથી ડ્રો કરતા સિલેકટ થયેલ બીડર મેસર્સ ડિ.જી. નાકરાણીને ગુજરાત સરકાર ધ્વારા વખતોવખત નકકી થયેલ લઘુત્તમ વેતન અને ભથ્થાઓ મુજબ ૩.૮૫ ટકાના સર્વિસ ચાર્જના દરે ૧(એક) વર્ષ માટે ટેન્ડરની શરતો અને બોલીઓને આધિન ઉકત કામગીરી સોંપવાનું તેમજ સદર એજન્સીની કામગીરી ટેન્ડરની શરતો મુજબ સંતોષકારક જણાય તો વાર્ષિક ધોરણે વધુ ૩(ત્રણ) વર્ષ માટે લંબાવવા મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવાનું તથા આ અંગે આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૨૭૫/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————

સ.૨.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

નકલ સાદર રવાના : અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ.

HIMANSHU.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૩–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૮૮ થી વિદિત થઈ, વોર્ડ સમિતિની રચના કરવા સંદર્ભે રાજય સરકાર ધ્વારા વોર્ડ સમિતિના કાર્યો, ફરજો તથા કાર્ય પધ્ધતિ માટેના નિયમો અંગેનુ પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામા ક્રમાંકઃ No. KV-177-2007-AMN-8095-2450-P **ની જાણ લેવા તેમજ ધી બી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ની કલમ ૨૯–ક(A)ની પેટા કલમ(૧) અને (૨) ની જોગવાઈને ધ્યાને લઈ વોર્ડ સમિતિ સંખ્યા તેમજ તેનો પ્રાદેશિક વિસ્તાર નકકી કરી તે અનુસાર વોર્ડ સમિતિની રચના કરવા તથા વોર્ડ સમિતિની બેઠક બોલાવવા અને તેનું સંચાલન કરવા અંગેની કાર્યપધ્ધતિ સહિત તેના કાર્યો અને ફરજો બજાવવા અંગે દરખાસ્ત ફાઈલમાં સામેલ માર્ગદર્શક સુચનાઓની જાણ લેવા તેમજ સદર જાહેરનામા ધ્વારા નકકી થયેલ નિયમ–૪(૮) માં દર્શાવ્યા મુજબ આ વોર્ડ સમિતિઓના સભ્યો માટે મીટીંગ દીઠ કન્વેયન્સ ચાર્જીસ નકકી કરવા અંગે જરૂરી આનુષાંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને સત્તા આપવા/અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.**

ઠરાવ નં.૧૨૭૬/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૪–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૧૯૬ થી વિદિત થઈ, નોર્થ ઝોન વિસ્તારમાં કતારગામ જળવિતરણ મથક ખાતે આવેલ ૨૨.૫૦ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી ઉતારી લેવા/તોડી પાડવા તથા ડીસ્મેન્ટલ કરવાની અંદાજીત સ્ક્રેપ વેલ્યુ રૂા.૯,૨૪,૦૦૦/– મંજુર કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઠરાવ નં.૧૨૭૭/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————————

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૭–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૨૧૫ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૪–૩–૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃજમન/૧૦૧૬/૮૪૨/અ.૧ તથા સંયુકત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૩૦–૭–૨૦૨૦ ના પત્રની વિગતો મુજબ મેટ્રો ડીપો, સ્ટેશન વિગેરે આનુસાંગિક હેતુ માટે લાંબાગાળાના ઉપયોગ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી. ધ્વારા માંગણી કરવામાં આવતી જમીનની ફાળવણીનો દર નકકી થયેલ હોય, જે અન્વયે ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૩૫(કુંભારીયા–સારોલી–સણીયા હેમાદ–દેવધ) માં રસ્તા પૈકીની ફાઈલના પત્ર વ્યવહાર વિભાગના પાના નં.૮૭ ઉપર સામેલ CONCEPTUAL નકશામાં કાળા રંગના હેચીસથી દર્શાવ્યા મુજબની અનુક્રમે ક્ષે.૩૫૦ ચો.મી. અને ક્ષે.૪૨૧ ચો.મી. મળી કુલ ક્ષે.૭૭૧ ચો.મી. જમીન(સ્થળ માપણી મુજબનું ક્ષેત્રફળ અંતિમ તથા બંધનકર્તા રહેશે.) સારોલી મેટ્રો સ્ટેશનના એન્ટ્રી/એકઝીટ–૧ અને ૨ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી.ને, પ્રવર્તમાન જંત્રી ભાવે અને રૂા.૨–૫૦ પ્રતિ ચો.મી. લેખે વાર્ષિક ભાડુ તથા નિયમાનુસાર ટેક્ષ વસુલ લઈ, ૯૯ વર્ષના સમયગાળા માટે ભાડાપટ્ટે(લીઝ) થી ફાળવણી કરવા, ૯૯ વર્ષના વાર્ષિક ભાડાની રકમ એડવાન્સમાં વસુલવા, સદર જમીનનો આગોતરો કબ્જો સુપ્રત કરવા યોગ્ય નિર્ણય લેવા તથા સદર જમીનની ફાળવણીની શરતો નકકી કરવા તથા સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૪–૩–૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃજમન/૧૦૧૬/૮૪૨/અ.૧ સંદર્ભે આ અંગેની જાણ નામ.સરકારશ્રીમાં કરવા સહિતની આગળની જરૂરી તમામ કાર્યવાહી/નિર્ણય કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઠરાવ નં.૧૨૭૮/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————————

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

FOR INFORMATION PURPOSE

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૭–૭–૨૦૨૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૨૧૪ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૪–૩–૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃજમન/૧૦૧૬/૮૪૨/અ.૧ તથા સંયુકત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૩૦–૭–૨૦૨૦ ના પત્રની વિગતો મુજબ મેટ્રો ડીપો, સ્ટેશન વિગેરે આનુસાંગિક હેતુ માટે લાંબાગાળાના ઉપયોગ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી. ધ્વારા માંગણી કરવામાં આવતી જમીનની ફાળવણીનો દર નકકી થયેલ હોય, જે અન્વયે ડ્રાફટ ટી.પી. સ્કીમ નં.૩૫ (કુંભારીયા–સારોલી–સણીયા હેમાદ–દેવધ) માં રસ્તા પૈકીની ફાઈલના પત્ર વ્યવહાર વિભાગના પાના નં.૮૭ ઉપર સામેલ CONCEPTUAL નકશામાં કાળા રંગના હેચીસથી દર્શાવ્યા મુજબની અનુક્રમે ક્ષે.૩૩૭ ચો.મી. અને ક્ષે.૩૪૯ ચો.મી. મળી કુલ ક્ષે.૬૮૬ ચો.મી. જમીન(સ્થળ માપણી મુજબનું ક્ષેત્રફળ અંતિમ તથા બંધનકર્તા રહેશે.) ભરત કેન્સર હોસ્પિટલ મેટ્રો સ્ટેશનના એન્ટ્રી/એકઝીટ–૧ અને ૨ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી.ને પ્રવર્તમાન જંત્રી ભાવે અને રૂા.૨–૫૦ પ્રતિ ચો.મી. લેખે વાર્ષિક ભાડુ તથા નિયમાનુસાર ટેક્ષ વસુલ લઈ, ૯૯ વર્ષના સમયગાળા માટે ભાડાપટ્ટે(લીઝ) થી ફાળવણી કરવા, ૯૯ વર્ષના વાર્ષિક ભાડાની રકમ એડવાન્સમાં વસુલવા, સદર જમીનનો આગોતરો કબ્જો સુપ્રત કરવા યોગ્ય નિર્ણય લેવા તથા સદર જમીનની ફાળવણીની શરતો નકકી કરવા તથા સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૪–૩–૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક જમન/૧૦૧૬/૮૪૨/અ.૧ સંદર્ભે આ અંગેની જાણ નામ.સરકારશ્રીમાં કરવા સહિતની આગળની જરૂરી તમામ કાર્યવાહી/નિર્ણય કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઠરાવ નં.૧૨૭૯/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.

———————————————————

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૬.

HIMANSHU.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૮–૭–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

